**કૃષિ વિકાસ વર્ષ ૨૦૧૪–૧૫ની ઉજવણી અંતર્ગત સેમીનાર અને કૃષિ પ્રદર્શનના આયોજન માટે સંશોધન નિયામકશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૧૧/૧૧/૨૦૧૪ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે યુનિવર્સિટી ભવનના કોન્ફરન્સ હોલ, નવસારી ખાતે મળેલ બેઠકની કાર્યવાહીની નોંધ.**

.............................................................................................................

**બેઠકમાં નીચે મુજબના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.**

| અ.ન. | અધિકારીશ્રીનું નામ | હોદો |
|---|---|---|
| ૧ | ડાં. એ.એન.સાબલપરા | સંશોધન નિયામકશ્રી, નકૃયુ, નવસારી |
| ૨ | ડાં. જી.આર.પટેલ | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નકૃયુ, નવસારી |
| ૩ | ડાં. એન.એલ.પટેલ | ડીનશ્રી, અસ્પી બાગાયત–વ–વનિય મહાવિધાલય, નકૃયુ, નવસારી |
| ૪ | ડાં. જે.ડી.થાનકી | ડીનશ્રી, અસ્પી એગ્રીબિઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ, નકૃયુ, નવસારી |
| ૫ | ડાં. બી.જી.સોલંકી | સંશોધન વૈજ્ઞાનિકશ્રી(કપાસ), મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, નકૃયુ, સુરત |
| ૬ | ડાં. કે.એ.પટેલ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી(જુવાર), મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, નકૃયુ, સુરત |
| ૭ | ડાં. સી.કે.ટીંબડીયા | પ્રોગ્રામ કોઓર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, નવસારી |
| ૮ | ડાં. જે.જે.પસ્તાગીયા | પ્રોગ્રામ કોઓર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, અઠવા લાઈન્સ, સુરત |
| ૯ | ડાં. જી.બી.કાલરીયા | તાલીમ સહાયક, તાલીમ અને મુલાકાત યોજના, નકૃયુ, નવસારી |
| ૧૦ | શ્રી એન.જી.ગામીત | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરત |
| ૧૧ | શ્રી બી.આર.પટેલ | નાયબ બાગાયત નિયામકશ્રી, બાગાયત વિભાગ, સુરત |
| ૧૨ | શ્રી આર.ટી.ભાવસાર | પ્રતિનિધિ, પ્રોજેકટ ડાયરેકટરશ્રી, આત્મા, સુરત |
| ૧૩ | શ્રી એમ.એમ.પટેલ | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, નવસારી |
| ૧૪ | કુ. રાધિકા જાડેજા | પ્રતિનિધિ, નાયબ બાગાયત નિયામકશ્રી, બાગાયત વિભાગ, નવસારી |
| ૧૫ | શ્રી એસ.કે.ઢીમર | પ્રોજેકટ ડાયરેકટરશ્રી, આત્મા, નવસારી |
| ૧૬ | શ્રી એસ.ડી.કવાડ | મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, વિશિનિશ્રીની કચેરી, નકૃયુ, નવસારી |

બેઠકની શરૂઆતમાં ડાં. જી.આર.પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ ઉપસ્થિત સભ્યશ્રીઓને આવકાર આપી ગુજરાત સરકાર દ્વારા ઉજવાઈ રહેલ "કૃષિ વિકાસ વર્ષ" અંતર્ગત યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવેલ/ આવનાર કાર્યક્રમો અંગે માહિતી આપી. ત્યારબાદ તા.૨૭/૧૦/૨૦૧૪ના રોજ માન. અગ્રસચિવશ્રી(કૃષિ)ના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ખાતે મળેલ બેઠકમાં સેમીનાર અને કૃષિ પ્રદર્શન યોજવા બાબતે લેવાયેલ નિર્ણયોની કાર્યનોંધ અંગે ઉપસ્થિત સભ્યશ્રીઓને જાણકારી આપવામાં આવી.

રાજય સરકારશ્રી તરફથી નવસારી કૃષિ યુનિવર્સિટીને દક્ષિણ ગુજરાતના બન્ને એગ્રો કલાઈમેટીક ઝોનમાં જે તે જિલ્લાના ખેતી, બાગાયત અને આત્મા અધિકારીઓના સહયોગમાં એક–એક સેમીનાર અને કૃષિ પ્રદર્શનનું આયોજન કરવા જણાવેલ, તે અંગે મુદ્દાવાર ચર્ચા કરીને નીચે મુજબ સર્વાનુમતે નિર્ણયો લેવામાં આવ્યા.

## (૧) સેમિનારનું આયોજન :

### (૧) એગ્રો કલાઈમેટીક ઝોન–૧ : દક્ષિણ ગુજરાત ભારે વરસાદવાળો પ્રદેશ

૧. સેમિનારનો વિષય : ફળ અને શાકભાજીમાં પોસ્ટ હાર્વેષ્ટ ટેકનોલોજી

૨. સેમિનારના કન્વીનર : ડીનશ્રી, અસ્પી બાગાયત–વ–વનિય મહાવિધાલય, નકૃયુ, નવસારી

૩. તારીખ : ૧૫/૧૨/૨૦૧૪

૪. સ્થળ : યુનિવર્સિટી પરીક્ષા ખંડ, નકૃયુ, નવસારી

૫. ખેડૂતોની સંખ્યા : ૩૦૦

નોંધ : નવસારી ખાતે યોજાનાર સેમિનારમાં ભાગ લેનાર ખેડૂતોની પસંદગી તથા લાવવા–લઈ જવાની વ્યવસ્થા પ્રોજેકટ ડાયરેકટરશ્રી, આત્મા, નવસારી અને પ્રોગ્રામ કોઓર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, નવસારીએ સાથે મળીને કરવાની રહેશે.

: નવસારી ખાતે યોજાનાર સેમિનારમાં ભાગ લેનાર ખેડૂતો/વૈજ્ઞાનિકો/આમંત્રિતો/મહાનુભાવો માટે જમવાની વ્યવસ્થા ડો.આર.એમ.નાયક, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, વિશિનિશ્રી કચેરી અને પ્રો. જયમીન નાયક, મદદનીશ પ્રાધ્યાપક, નમકૃમએ કરવાની રહેશે.

## (૨) એગ્રો કલાઈમેટીક ઝોન–૨ : દક્ષિણ ગુજરાત પ્રદેશ

૧. સેમિનારનો વિષય : શાકભાજીમાં માર્કેટ લીંકેજ અને કોલ્ડ સ્ટોરેજ

૨. સેમિનારના કન્વીનર : ડીનશ્રી, અસ્પી એગ્રીબિઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ, નકૃયુ, નવસારી

૩. તારીખ : ૦૭/૦૧/૨૦૧૫

૪. સ્થળ : એ.પી.એમ.સી., સુરત

૫. ખેડૂતોની સંખ્યા : ૩૦૦ થી ૪૦૦

નોંધ : સુરત ખાતે યોજાનાર સેમિનારમાં ભાગ લેનાર ખેડૂતોની પસંદગી તથા લાવવા–લઈ જવાની વ્યવસ્થા પ્રોજેકટ ડાયરેકટરશ્રી, આત્મા, સુરત અને પ્રોગ્રામ કોઓર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, સુરતે સાથે મળીને કરવાની રહેશે.

: સુરત ખાતે યોજાનાર સેમિનારમાં ભાગ લેનાર ખેડૂતો/વૈજ્ઞાનિકો/આમંત્રિતો/મહાનુભાવો માટે જમવાની વ્યવસ્થા ડાં. કે.એ.પટેલ, સંશોધન વૈજ્ઞાનિકશ્રી(જુવાર), મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, નકૃયુ, સુરત અને ડો. જે.જે.પસ્તાગીયા, પ્રોગ્રામ કોઓર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, સુરતે કરવાની રહેશે.

## સેમિનારના કન્વીનરશ્રીએ નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.

૧. સેમિનારના સ્થળની મુલાકાત લઈને સ્ટેજ, માઈક, બેઠક વ્યવસ્થા, પીવાનું પાણી, વિ. આનુસાંગિક વ્યવસ્થા સુનિશ્ચિત કરવી.

૨. સેમિનારનો સમય સવારે ૯.૦૦થી સાંજના ૪.૦૦ કલાક સુધીનો રહેશે.

૩. સેમિનારના વિષયને ધ્યાનમાં લઈને વ્યાખ્યાનો અને વ્યાખ્યાતાઓ નકકી કરીને દિવસ દરમ્યાનનું સમયપત્રક તૈયાર કરવું.

૪. વિસ્તારને અનુકૂળ પાક સંબંધિત આઈ.સી.એ.આર. સંસ્થાના ડાયરેકટર/ વૈજ્ઞાનિક પ્રતિનિધિને બોલાવવાની કામગીરી.

૫. વિસ્તારના પાકોને અનુરૂપ ગુજરાતી ભાષામાં સાહિત્ય તૈયાર કરીને તેની સોફટ કોપી તા.૧૮/૧૧/૨૦૧૪ સુધીમાં વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીમાં મોકલી આપવી જેથી સમયમર્યાદામાં પ્રિન્ટીંગ માટે તે ખેતી નિયામકશ્રીને મોકલી શકાય.

૬. બેનર તૈયાર કરાવવું તથા સમગ્ર કાર્યક્રમનું આયોજન, સંકલન અને સંચાલન કરવું.

૭. જરૂર પડયે સાદા વન કલરમાં (યુનિવર્સિટીએ નકકી કરેલ એજન્સી :કામનાથ પ્રિન્ટર્સ પાસે) આમંત્રણ કાર્ડ તૈયાર કરાવવા.

૮. માન.કુલપતિશ્રી સાથે ચર્ચા કરીને સેમીનારના ઉદઘાટનમાં માન.મંત્રીશ્રી ઉપસ્થિત રહે તેવું આયોજન કરવું.

૯. સેમિનારના આયોજન અંતર્ગત ઉપરોકત કામગીરી માટે કન્વીનરશ્રીએ કમિટી બનાવીને તેની જાણ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીને કરવી.

## (૨) કૃષિ પ્રદર્શનનું આયોજન :

### (૧) એગ્રો કલાઈમેટીક ઝોન–૧ : દક્ષિણ ગુજરાત ભારે વરસાદવાળો પ્રદેશ

| | | |
|---|---|---|
| ૧. | કૃષિ પ્રદર્શનનો વિષય | : ઝોનના મુખ્ય પાકોની ટેકનોલોજી |
| ૨. | કૃષિ પ્રદર્શનના કન્વીનર | : ડો.એચ.યુ.વ્યાસ, સહ પ્રાધ્યાપક, વિશિનિશ્રીની કચેરી, નકૃયુ, નવસારી |
| ૩. | કૃષિ પ્રદર્શનના સહ કન્વીનર | : ડો.લલિત ઘેટીયા, સહ પ્રાધ્યાપક (કીટકશાસ્ત્ર),નમકૃમ, નવસારી |
| ૪. | તારીખ | : ૧૬–૧૭/૧૨/૨૦૧૪ |
| ૫. | સ્થળ | : પ્લે ગ્રાઉન્ડ, નકૃયુ, નવસારી |
| ૬. | સ્ટોલની સંખ્યા અને સાઈઝ | : ૫૦ – દરેક સ્ટોલ ૧૦×૧૫ ચો.ફૂટનો |
| ૭. | સ્ટોલનો પ્રકાર | : આત્મા પેટર્ન પ્રમાણે સાદા કાપડનો સ્ટોલ |

નોંધ : નવસારી ખાતે યોજાનાર કૃષિ પ્રદર્શનમાં ઝોનના વધુને વધુ ખેડૂતો ભાગ લે તે માટે ખેડૂતો/ગામોની પસંદગી તથા લાવવા–લઈ જવાની વ્યવસ્થા (૧) જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, નવસારી (૨) પ્રોજેકટ ડાયરેકટરશ્રી, આત્મા, નવસારી અને (૩) પ્રોગ્રામ કોઓર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, નવસારી સાથે મળીને કરશે.

: ઉપરોકત ૫૦ સ્ટોલ્સ પૈકી ૨૦ સ્ટોલ નવસારી કૃષિ યુનિવર્સિટીના, ૧૦ સ્ટોલ લાઈન ડીપાર્ટમેન્ટના, ૨ સ્ટોલ બેસ્ટ પ્રેકટાઈસીસ (ઈનોવેટીવ ફાર્મર્સ)ના અને ૧૮ સ્ટોલ ઈનપુટ ડીલર્સના રહેશે.

: ડીપાર્ટમેન્ટસના ૧૦ સ્ટોલ અને ઈનપુટ ડીલર્સના ૧૮ સ્ટોલ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, નવસારી નકકી કરી તેની યાદી કન્વીનરશ્રીને મોકલી આપશે.

: સ્ટોલ ફાળવણી અંગેની કામગીરી કન્વીનરશ્રી અને જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, નવસારી સાથે મળીને કરશે.

### (૨) એગ્રો કલાઈમેટીક ઝોન–૨ : દક્ષિણ ગુજરાત પ્રદેશ

| | | |
|---|---|---|
| ૧. | કૃષિ પ્રદર્શનનો વિષય | : ઝોનના મુખ્ય પાકોની ટેકનોલોજી |
| ૨. | કૃષિ પ્રદર્શનના કન્વીનર | : સંશોધન વૈજ્ઞાનિકશ્રી(કપાસ), મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, નકૃયુ, સુરત |
| ૩. | કૃષિ પ્રદર્શનના સહ કન્વીનર | : ડીનશ્રી, ગુજરાત એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયુટ,નકૃયુ, સુરત |
| ૪. | તારીખ | : ૦૮–૦૯/૦૧/૨૦૧૫ |
| ૫. | સ્થળ | : મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, નકૃયુ, સુરત |
| ૬. | સ્ટોલની સંખ્યા અને સાઈઝ | : ૫૦ – દરેક સ્ટોલ ૧૦×૧૫ ચો.ફૂટનો |
| ૭. | સ્ટોલનો પ્રકાર | : આત્મા પેટર્ન પ્રમાણે સાદા કાપડનો સ્ટોલ |

નોંધ : સુરત ખાતે યોજાનાર કૃષિ પ્રદર્શનમાં ઝોનના વધુને વધુ ખેડૂતો ભાગ લે તે માટે ખેડૂતો/ગામોની પસંદગી તથા લાવવા–લઈ જવાની વ્યવસ્થા (૧) જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, સુરત (૨) પ્રોજેકટ ડાયરેકટરશ્રી, આત્મા, સુરત અને (૩) પ્રોગ્રામ કોઓર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, સુરત સાથે મળીને કરશે.

: ઉપરોકત ૫૦ સ્ટોલ્સ પૈકી ૨૦ સ્ટોલ નવસારી કૃષિ યુનિવર્સિટીના, ૧૦ સ્ટોલ લાઈન ડીપાર્ટમેન્ટસના, ૨ સ્ટોલ બેસ્ટ પ્રેકટાઈસીસ (ઈનોવેટીવ ફાર્મર્સ)ના અને ૧૮ સ્ટોલ ઈનપુટ ડીલર્સના રહેશે.

: ડીપાર્ટમેન્ટસના ૧૦ સ્ટોલ અને ઈનપુટ ડીલર્સના ૧૮ સ્ટોલ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, સુરત નકકી કરી તેની યાદી કન્વીનરશ્રીને મોકલી આપશે.

: સ્ટોલ ફાળવણી અંગેની કામગીરી કન્વીનરશ્રી અને જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, સુરત સાથે મળીને કરશે.

**કૃષિ પ્રદર્શનના કન્વીનરશ્રી/સહ કન્વીનરશ્રીએ નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.**

૧. કૃષિ પ્રદર્શનનું સ્થળ પસંદ કરીને જમીન તૈયાર કરાવવી.

૨. કૃષિ પ્રદર્શનનો સમય બન્ને દિવસ માટે સવારે ૯.૦૦થી સાંજના ૬.૦૦ કલાક સુધીનો રહેશે.

૩. પ્રચાર સાહિત્ય તૈયાર કરાવવું અને સબંધિત ઝોનના ખેડૂતોમાં તેની વહેંચણી કરવી.

૪. કૃષિ પ્રદર્શનના આયોજન અંતર્ગત ઉપરોકત કામગીરી માટે કન્વીનરશ્રીએ કમિટી બનાવીને તેની જાણ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીને કરવી.

૫. તમામ ૫૦ સ્ટોલ્સની રચના કરાવવી અને તેમાં માહિતી પોસ્ટર્સ, બેનરો અને નમૂનાઓ યોગ્ય રીતે ડીસપ્લે થાય તે જોવું.

**(૩) ગ્રાન્ટ, ખર્ચ તથા અન્ય આનુસાંગિક બાબતો અંગેના સૂચનો :**

૧. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી સેમીનાર દીઠ ૧.૫ લાખ તથા કૃષિ પ્રદર્શન (આત્મા પેટર્ન) દીઠ ૪.૦ લાખ પ્રમાણે અંદાજે રૂા.૧૧.૦૦ લાખ ગ્રાન્ટની માંગણી ખેતી નિયામકશ્રી, ગાંધીનગરને રજુ કરશે.

૨. નવસારી તથા સુરત કેન્દ્ર ખાતે યોજાનાર કૃષિ પ્રદર્શનના સ્ટોલ્સ અંગેની જાહેરાત દૈનિક પેપરમાં આપીને ભાવ મંગાવવાની તથા પાર્ટી નકકી કરવાની કામગીરી વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી કરશે.

૩. નવસારી કૃષિ યુનિવર્સિટીના ૨૦ સ્ટોલમાં ભાગ લેનાર વિભાગો નકકી કરવાની અને તે સબંધી પત્રવ્યવહારની કામગીરી વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી કરશે.

બેઠકના અંતે અન્ય કોઈ મુદ્દા ચર્ચવાના બાકી રહેતાં ન હોઈ ઉપસ્થિત સભ્યશ્રીઓનો આભાર માનીને બેઠકની કાર્યવાહી પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી. બેઠકમાં થયેલ ચર્ચા ઉપરાંત માન.કુલપતિશ્રી તરફથી થયેલ સૂચનોનો આ કાર્યનોંધમાં સમાવેશ કરવામાં આવેલ છે.

જા.નં.નકૃયુ/વિશિનિ/ટી.૧/૫૨૦૬–૩૦/૨૦૧૪
નવસારી તા.૧૪/૧૧/૨૦૧૪

વિસ્તરણ શિક્ષણ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

<u>નકલ સવિનય રવાના</u> :

૧. મા. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂં.
૨. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂં.
૩. સયુંકત સચિવશ્રી (કૃષિ યુનિ.), કૃષિ અને સહકાર વિભાગ, બ્લોક નં–૫, સચિવાલય, સરદાર ભવન, ગાંધીનગર
૪. ખેતી નિયામકશ્રી / બાગાયત નિયામકશ્રી / પશુપાલન નિયામકશ્રી, કૃષિભવન, સેકટર–૧૦ એ, ગાંધીનગર
૫. નિયામકશ્રી, સમેટી અને સ્ટેટ નોડેલ ઓફિસર, આત્મા, પી–૭, એમ–ફલોર, કૃષિભવન, સેકટર ૧૦–એ, ગાંધીનગર
૬. સહ પ્રાધ્યાપકશ્રી, રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિભવન, સેકટર–૧૦/એ, પોડીયમ લેવલ,ગાંધીનગર–૩૮૨૦૧૦

<u>નકલ જયભારત સહ રવાના</u> : જાણ તથા ઘટતું થવા સારૂં.

૧. ડીનશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય કોલેજ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
૨. ડીનશ્રી, અસ્પી એગ્રી બિઝનેશ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ, ન.કૃ.યુ., નવસારી
૩. ડીનશ્રી, ગુજરાત એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયુટ,નકૃયુ, સુરત
૪. સંશોધન વૈજ્ઞાનિકશ્રી(કપાસ), મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, અઠવા લાઈન્સ, ન.કૃ.યુ., સુરત
૫. સંશોધન વૈજ્ઞાનિકશ્રી(જુવાર), મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, અઠવા લાઈન્સ, ન.કૃ.યુ., સુરત
૬. પ્રોગ્રામ કોઓર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, નવસારી.
૭. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત ભવન, જુનાથાણા, નવસારી–૩૯૬૪૪૫
૮. નાયબ બાગાયત નિયામકશ્રી, પાણીની ટાંકીની પાસે, જિલ્લા તિજોરી કચેરી સામે, નવસારી–૩૯૬૪૪૫
૯. પ્રોજેકટ ડાયરેકટરશ્રી (આત્મા), ખેડૂત તાલીમ કેન્દ્ર, દાંડી રોડ, નવસારી
૧૦. પ્રોગ્રામ કોઓર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, અઠવા ફાર્મ, સુરત
૧૧. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત ભવન, દરિયા મહેલ, મુગલીસરા, સુરત
૧૨. નાયબ બાગાયત નિયામકશ્રી, ઓલપાડી મહોલ્લો, લાલ બંગલાની સામે, અઠવા લાઈન્સ, સુરત
૧૩. પ્રોજેકટ ડાયરેકટરશ્રી (આત્મા), ખેડૂત તાલીમ કેન્દ્ર, બારડોલી, જી. સુરત
૧૪. ડો.એચ.યુ.વ્યાસ / ર્ડા. જી.બી.કાલરીયા / ડો.આર.એમ.નાયક, વિશિનિશ્રીની કચેરી, નકૃયુ, નવસારી
૧૫. ડો.લલિત ઘેટીયા, સહ પ્રાધ્યાપક (કીટકશાસ્ત્ર) / પ્રો. જયમીન નાયક, મદદનીશ પ્રાધ્યાપક, નમકૃમ, નવસારી